# ખાદ્ય સુરક્ષા અધિનિયમનો પૂરો ફાયદો લેજો

**ખાદ્ય સુરક્ષા (એન.એફ.એસ.એ.) લક્ષિત પરિવારોને પૂરો ફાયદો લેવા માટે મુખ્યત્વે ૭ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. શું તમારે આમાંથી કોઈ તકલીફ છે?**

## ૧. તમારા પરિવારનું રાશન કાર્ડ ના હોય અને તમને લાગે છે કે તમે યોગ્યતા ધરાવો છો, તો તમે નવા રાશન કાર્ડ માટે અરજી કરી શકો.




### પ્રક્રિયા

- ફોર્મ નં. ૨ ભરવું.
- સંપૂર્ણ વિગતો તથા પૂરાવા સાથે મામલતદાર કચેરીમાં ફોર્મ નિયત ફી સાથે જમા કરાવવું.
- મામલતદાર કચેરીમાં નવીન રાશન કાર્ડ માટે પરિવારના સભ્યોની ફિંગરપ્રિન્ટ આપવી.
- નિયત ફી ભર્યા પછી ફોર્મ જમા કરાવી રસીદ મેળવવી.
- રસીદ મળ્યાના ૧૫ દિવસમાં રાશન કાર્ડ મેળવવું.
- રાશન કાર્ડ મળ્યાના એક માસ પછી સસ્તા અનાજની દુકાનેથી રાશન મેળવવું.

### જરૂરી દસ્તાવેજ

પરિવારના બધા જ સભ્યોના આધાર કાર્ડ, બી.પી.એલ. સ્કોરકાર્ડ, રહેઠાણનો પુરાવા(વીજળી બિલ/ ઘર વેરા)ની પહોંચ, બેંક ખાતાની નકલ, આવકનું પ્રમાણપત્ર, સોગંદનામાની નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટો, ચૂંટણી કાર્ડ.

## ૨. તમારા રાશન કાર્ડમાં પરિવારના કોઈ સભ્યોનું નામ ના હોય તો નામ ઉમેરી શકો છો, જેનાથી તમને વધારે રાશન મળી શકે.







### પ્રક્રિયા

- ફોર્મ નં. ૩ ભરવું.
- સંપૂર્ણ વિગતો તથા પૂરાવા સાથે મામલતદાર કચેરીમાં ફોર્મ નિયત ફી સાથે જમા કરાવવું.
- નિયત ફી ભર્યા પછી ફોર્મ જમા કરાવી રસીદ મેળવવી.
- રસીદ મળ્યાના ૧ દિવસમાં સુધારા સાથેનું નવું રાશન કાર્ડ મેળવી લેવું.

### જરૂરી દસ્તાવેજો

નામ ઉમેરવાનું છે તેનું આધાર કાર્ડ અથવા જન્મનો દાખલો, પુત્રવધુનો નામ કમી કર્યાનો દાખલો (લગ્નના કિસ્સામાં નવી પરણીને આવેલ મહિલાના વતનના રાશન કાર્ડમાંથી નામ કમી કર્યાનો દાખલો).

## ૩. તમારા પરિવારમાં કોઈ વ્યક્તિનું મૃત્યુ અથવા દીકરીના લગ્ન થવાથી રાશન કાર્ડમાંથી નામ કમી કરાવવું જરૂરી છે.





### પ્રક્રિયા

- ફોર્મ નં. ૪ ભરવું.
- સંપૂર્ણ વિગતો તથા પૂરાવા સાથે મામલતદાર કચેરીમાં ફોર્મ નિયત ફી સાથે જમા કરાવવું.
- નિયત ફી ભર્યા પછી ફોર્મ જમા કરાવી રસીદ મેળવવી.
- રસીદ મળ્યાના ૧ દિવસમાં સુધારા સાથેનું નવું રાશન કાર્ડ મેળવી લેવું.

### જરૂરી દસ્તાવેજો

મરણ પામનાર સભ્યનું મૃત્યુનું પ્રમાણપત્ર, લગ્ન કર્યાનું પ્રમાણપત્ર (લગ્નના કિસ્સામાં)

## ૪. તમારે સંયુક્ત કુટુંબ હોય અને પરિવારના વધારે સભ્યો રાશન કાર્ડમાં હોય, પરંતુ અલગ-અલગ રહે છે તો તમે રાશન કાર્ડ વિભાજન કરાવી શકો, જેથી બધા પરિવારની સંખ્યા પ્રમાણે રાશન મળી રહે.

### પ્રક્રિયા

- ફોર્મ નં. ૫ ભરવું.
- સંપૂર્ણ વિગતો તથા પૂરાવા સાથે મામલતદાર કચેરીમાં ફોર્મ નિયત ફી સાથે જમા કરાવવું.
- નિયત ફી ભર્યા પછી ફોર્મ જમા કરાવી રસીદ મેળવવી.
- રસીદ મળ્યાના ૭ દિવસમાં સુધારા સાથેનું નવું રાશન કાર્ડ મેળવી લેવું.



### જરૂરી દસ્તાવેજો

વિભાજિત થનાર પરિવારના બધા જ સભ્યોના આધાર કાર્ડ, બી.પી.એલ. સ્કોરકાર્ડ (૦ થી ૧૬ ક્રમાંક), વીજળી બિલ અથવા ઘર વેરાની પહોંચ, બેંક ખાતાની નકલ, આવકનું પ્રમાણપત્ર, સોગંદનામાની નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટો, - ચૂંટણી કાર્ડ, પુત્રવધુનો નામ કમી કર્યાનો દાખલો (લગ્નના કિસ્સામાં નવી પરણીને આવેલ મહિલાના વતનના રાશન કાર્ડમાંથી નામ કમી કર્યાનો દાખલો).

## ૫. તમારા રાશન કાર્ડમા નામ, અટક, ઉંમર વગેરેમાં સુધારો કરાવવો હોય તો કરી શકો. જેથી રાશન મેળવવામાં મુશ્કેલી ન આવે અને બધા દસ્તાવેજમાં એક સરખી માહિતી રહે.




### પ્રક્રિયા

- ફોર્મ નં. ૬-અ ભરવું.
- સંપૂર્ણ વિગતો તથા પૂરાવા સાથે મામલતદાર કચેરીમાં ફોર્મ નિયત ફી સાથે જમા કરાવવું.
- નિયત ફી ભર્યા પછી ફોર્મ જમા કરાવી રસીદ મેળવવી.
- રસીદ મળ્યાના ૧ દિવસમાં સુધારા સાથેનું નવું રાશન કાર્ડ મેળવી લેવું.

### જરૂરી દસ્તાવેજો

આધાર કાર્ડ, બી.પી.એલ. સ્કોરકાર્ડ, બેંક ખાતાની નકલ, સોગંદનામાની નકલ, ચુંટણી કાર્ડ, સુધારો કરવાનો હોય તેના સંલગ્ન દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

## ૬. જો તમારું રાશન કાર્ડ ખોવાઈ ગયું હોય કે ફાટી ગયું હોય તો ડુપ્લીકેટ રાશન કાર્ડ મેળવવા માટે અરજી કરી શકો.

### પ્રક્રિયા

- ફોર્મ નં. ૯ ભરવું.
- સંપૂર્ણ વિગતો તથા પૂરાવા સાથે મામલતદાર કચેરીમાં ફોર્મ નિયત ફી સાથે જમા કરાવવું.
- નિયત ફી ભર્યા પછી ફોર્મ જમા કરાવી રસીદ લેવી.




### જરૂરી દસ્તાવેજો

આધાર કાર્ડ, જૂના રાશન કાર્ડની નકલ/ નંબર, બેંક ખાતાની નકલ, સોગંદનામું, પાસપોર્ટ સાઈઝનો ફોટો, ચુંટણી કાર્ડ.

**૭. તમે જ્યારે લાંબા સમય સુધી રાશન ના લીધું હોય તો તમારું રાશન કાર્ડ હંગામી ધોરણે સ્થગિત થઈ જાય છે તેથી દુકાનના લિસ્ટમાં તમારું નામ દેખાતું નથી. આ સ્થગિત કાર્ડને તમે ચાલુ કરાવી શકો છો, જેથી તમને રાશન તુરંત મળી શકે.**

## પ્રક્રિયા

- મામલતદાર કચેરીથી પુરવઠા શાખામાંથી જરૂરી ફોર્મ મેળવી ભરવું.
- સંપૂર્ણ વિગતો તથા પૂરાવા સાથે મામલતદાર કચેરીમાં જમા કરાવવું.
- મામલતદારે રચાયેલી સમિતિની બેઠકમાં વંચાણે લઈ રાશન કાર્ડ શરૂ કરવામાં આવશે.




## જરૂરી દસ્તાવેજો

- આધાર કાર્ડ, જૂના રાશન કાર્ડની નકલ/ નંબર, બેંક ખાતાની નકલ, સોગંદનામાની નકલ, ચુંટણી કાર્ડ.

**નાગરિકોને વધુ માહિતી માટે નીચે જણાવેલ સરનામા ઉપર સંપર્ક કરવા વિનંતી છે.**

**નાગરિક સહયોગ કેન્દ્ર – પોશીના**
લહેરીપુરા, પોશીના,
સાબરકાંઠા
ફોન નં. ૬૩૫૧૮૪૫૧૯૯

**નાગરિક સહયોગ કેન્દ્ર – ભચાઉ**
રૂમ નં. ૨૮, સદભાવના સોસાયટી,
સિવિલ કોર્ટની સામે, પ્રાંત કચેરી નજીક,
ભચાઉ, કચ્છ.
ફોન નં. ૯૫૧૦૭૮૬૫૩૯

उन्नति
**ઉન્નતિ**

**૨૧૬, આઝાદ સોસાયટી, અમદાવાદ–૩૮૦૦૧૫.**
**ફોન નં. ૦૭૯–૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬**
**ઇ–મેલઃ** psu_unnati@unnati.org

**વેબસાઇટઃ** www.unnati.org